# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. 09-04-2022

અમદાવાદ ખાતે નવનિયુક્ત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમરનો પદગ્રહણ સમારોહ યોજાયો

અમરેલી જિલ્લાનું ગૌરવ નારીરત્ન જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જેનીબેન ઠુંમરની રાજ્યના મહિલા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ તરીકે અખિલ ભારતીય કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધીની સૂચના અને માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય મહિલા કોંગ્રેસના પ્રમુખ નેટા ડી સોઝા દ્વારા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવતા અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યના કોંગ્રેસના મહિલા કોંગ્રેસના અગ્રણીઓ કાર્યકરોએ આનંદ લાગણી વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા

આજરોજ અમદાવાદ રાજીવ ગાંધી ભવન ખાતે નવનિયુક્ત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે જેનીબેન ઠુંમરનો પદગ્રહણ સમારોહમાં રાજ્યના કોંગ્રેસ સંગઠન પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ. રઘુ શર્માના અધ્યક્ષ સ્થાને અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં રાજ્યના કોંગ્રેસના મહત્વના અગ્રણીઓ ધારાસભ્ય તેમજ મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી શોભનાબેન શાહ, મહિલા કોંગ્રેસ પૂર્વ પ્રમુખ ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા, શ્રીમતિ સોનલબેન પટેલ સહિત અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કોંગ્રેસની મહિલા અગ્રણીઓ ને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા

કોંગ્રેસ સંગઠન પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ. રઘુ શર્માજી, પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ જગદીશ ઠાકોર દ્વારા પ્રેરક સંબોધન કરી મહિલાઓએ રાજ્યની ભાજપ સરકારમાં કાયદો વ્યવસ્થાની કથળેલી સ્થિતી, જનલક્ષી નબળી કામગીરી લોકો સુધી લઈ જવા અને મોંઘવારીનો મુદ્દો શેરીએ શેરીએ ગલીએ ગલીએ લઈ જવા જણાવ્યું હતું

રાજ્યના નવનિયુક્ત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ જેનીબેન ઠુંમરે જવાબદારી સંભાળી પ્રદેશ પ્રમુખ તેમજ પ્રભારી અને રાષ્ટ્રીય પ્રમુખ અને રાષ્ટ્રીય મહિલા પ્રમુખનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે જે જવાબદારી સોંપવામાં આવેલ છે તેણે પુરી નિષ્ઠાપૂર્વક નિભાવવામાં આવશે.

---

આઝાદીના **૭૫** વર્ષની ઉજવણીના ભાગ રૂપે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા આઝાદી ગૌરવ યાત્રા આજરોજ ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના રિદ્રોલ ગામ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રિદ્રોલ ગામમાં સેવાદળની શ્રેષ્ઠ પ્રવૃત્તિ હોવાના કારણે સને **૧૯૫૮**માં ડૉ. હાર્ડીકર ડાયમન્ડ જ્યુબીલી ટ્રસ્ટ દ્વારા જવાહર પારીતોષીક એનાયત કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા અને સેવાદળના પુરા સમયના કાર્યકર તરીકે પાંચ વર્ષ જેમણે કામ કરેલુ તેવા શ્રી બાલુભાઈ પટેલને આજરોજ આઝાદી ગૌરવ યાત્રા અન્વયે સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી લાલજીભાઈ દેસાઈએ કર્યું હતું. આઝાદી ગૌરવ યાત્રામાં માણસાના ધારાસભ્યશ્રી સુરેશભાઈ પટેલ, પૂર્વમંત્રીશ્રી કિરીટભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી બાબુજી ઠાકોર, જીલ્લા કોંગ્રેસના પ્રમુખશ્રી અરવિંદસિંહ સોલંકી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી આઝાદીના ઈતિહાસની સુવર્ણ ઘટનાઓ અને સેવાદળની પ્રવૃત્તિની ચર્ચા કરી હતી.

(ડૉ. મનિષ દોશી)
મુખ્ય પ્રવકતા